*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No.

# 10(G)

**(MARCH, 2018)**
**(New Course)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ **OMR** શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. **Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet.** |
|---|
| **13** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ●, (B) ●, (C) ●, (D) ● આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

**1)** ભારતનાં જંગલોમાંથી કયું પ્રાણી નષ્ટ થઈ ચૂક્યું છે ?

(A) દીપડો

(B) વાઘ

(C) સિંહ

(D) ચિત્તો

2) એક શાળાના વિદ્યાર્થીઓ ભારતની જૈવિક કૃષિ પદ્ધતિઓની ચર્ચામાં ભાગ લે છે. તેમાંથી કયા વિદ્યાર્થીનો મત ખોટો છે ?

મનીષ : તેમાં કોઈપણ રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી.

રાહુલ : તેમાં રાસાયણિક ખાતરનો જરૂરિયાત પૂરતો ઉપયોગ થાય છે.

કેતન : તેમાં છાણીયું ખાતર, અળસિયાનું ખાતર, લીમડાનું દ્રાવણ અને છાશનો ઉપયોગ કરે છે.

મનન : ખેતીની સાથે પશુપાલન, મરઘાં બતકાં ઉછેર, મધમાખી ઉછેરની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

(A) મનીષ અને કેતન
(B) કેતન અને મનન
(C) રાહુલ અને મનન
(D) મનીષ, રાહુલ, કેતન

3) મને ઓળખો. હું ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીનો મુખ્ય ખોરાક છું. પોષકતત્ત્વોથી ભરપુર તૃણ ધાન્ય પાક છું. મારામાં કેલ્શિયમ અને આયર્નનું પ્રમાણ વધારે છે.

(A) બાજરી
(B) ઘઉં
(C) જુવાર
(D) નાગલી

4) નીચેનામાંથી કોને 'સફેદસોના' તરીકે ઓળખાય છે ?

(A) રબર
(B) રૂ
(C) ઊન
(D) રેશમ

5) જીરું, વરિયાળી, ઈસબગુલના ઉત્પાદનમાં ભારતમાં કયું રાજ્ય પ્રથમ સ્થાને છે ?

(A) ઉત્તર પ્રદેશ
(B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર
(D) રાજસ્થાન

6) નીચે આપેલ ભારતના નક્શામાં કઈ બહુહેતુક યોજના દર્શાવવામાં આવી છે ?



(A) તુંગભદ્રા
(B) હીરાકુંડ
(C) કોસી
(D) દામોદર ખીણ

7) વર્ગખંડમાં 'ખેત તલાવડી' વિશે વિદ્યાર્થીઓની ચર્ચા દરમિયાન રજૂ થયેલું કયું વિધાન યોગ્ય છે ?

(A) નીલા – તે જમીનનું ધોવાણ અટકાવવાની આધુનિક તકનીક છે.
(B) હીના – તે પીવા યોગ્ય પાણીની પ્રાપ્તિનું મહત્ત્વનું સંસાધન છે.
(C) રીમા – તે વધુ વૃક્ષો વાવો આંદોલનનું મહત્ત્વનું અંગ છે.
(D) શ્રદ્ધા – તે વૃષ્ટિ સંચયની એક પદ્ધતિ છે.

8) ભારતના કયા રાજ્યમાં સિંચાઈ ક્ષેત્રનું પ્રમાણ સૌથી વધુ છે ?

(A) રાજસ્થાન
(B) મિઝોરમ
(C) ગુજરાત
(D) પંજાબ

9) નીચેના જોડકાં સાચાં જોડી ઉત્તર શોધો.

| | |
|---|---|
| (a) ચાંદી,પ્લેટિનિયમ | (1) સામાન્ય ઉપયોગમાં લેવાતું ખનીજ |
| (b) મેગ્નેશિયમ, ટીટાનિયમ | (2) મિશ્રધાતુ રૂપે વપરાતી ખનીજ |
| (c) સીસું, નિકલ | (3) કીમતી ધાતુમય ખનીજ |
| (d) ટંગસ્ટન, વેનેડિયમ | (4) હલકી ધાતુમય ખનીજ |

(A) (a – 4), (b – 1), (c – 3), (d – 2)

(B) (a – 3), (b – 4), (c – 1), (d – 2)

(C) (a – 1), (b – 2), (c – 4), (d – 3)

(D) (a – 1), (b – 3), (c – 2), (d – 4)

10) સીસાની ધાતુને ........ કહે છે.

(A) ગેલેના (B) બોક્સાઈટ

(C) લિગ્નાઈટ (D) હેમેટાઈટ

11) વિશ્વનું સૌથી મોટું ખનીજતેલ શુદ્ધિકરણનું સંકુલ ક્યાં આવેલું છે ?

(A) ચેન્નાઈ

(B) દિગ્બોઈ

(C) જામનગર

(D) કોયલી

12) નીચેના નગરોમાંથી કયા નગરને સુતરાઉ કાપડનું વિશ્વ મહાનગર કહે છે ?

(A) નાગપુર (B) ઈન્દોર

(C) અમદાવાદ (D) મુંબઈ

13) નીચેનામાંથી કઈ જોડી રાસાયણિક ખાતર ઉદ્યોગની દૃષ્ટિએ ખોટી છે ?

(A) ગુજરાત - વડોદરા (B) તમિલનાડુ - રાનીપેટ

(C) બિહાર - સિંદરી (D) મહારાષ્ટ્ર - પણજી

14) O.N.G.C. અને રાજ્ય સરકારને કઈ સંસ્થા હેલિકોપ્ટરની સેવા આપે છે ?

(A) પવનહંસ (B) ઈન્ડિગો

(C) ગો-એર (D) ઈન્ડિયન એરલાઈન્સ

15) ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર કયો છે ?

(A) N.H. - 2 (B) N.H. - 8

(C) N.H. - 7 (D) N.H. - 1

16) સમૂહ સંસારના મુદ્રિત માધ્યમમાં નીચેનામાંથી કયાનો સમાવેશ થતો નથી ?

(A) હસ્તપ્રત (B) સામયિક

(C) મોબાઈલ ફોન (D) દૈનિક સમાચાર પત્ર

17) હાલમાં વિશ્વમાં મોટા ભાગનાં દેશોમાં કયા પ્રકારનું અર્થતંત્ર પ્રવર્તે છે ?

(A) મૂડીવાદી (B) મિશ્ર પદ્ધતિ

(C) બજાર પદ્ધતિ (D) સમાજવાદી

18) ઉત્પાદનની પ્રક્રિયામાં ત્રણેય સાધનોનો કુશળતા પૂર્વક સંયોજન કરનારને ....... કહે છે.

(A) નિયોજક (B) શ્રમ

(C) જમીન (D) મૂડી

19) વિશ્વમાં કયા દિવસને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 8 માર્ચ
(B) 5 જૂન
(C) 11 જૂન
(D) 12 માર્ચ

20) નીચે આપેલમાંથી કયા ક્ષેત્રને ખાનગીક્ષેત્ર માટે ખુલ્લું મુકવામાં આવ્યું નથી ?

(A) ખાંડ ઉદ્યોગ
(B) સંદેશા વ્યવહાર
(C) વિદ્યુત ઉત્પાદન
(D) સંરક્ષણ

21) દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા એટલે ........

(A) રાષ્ટ્રીયકરણ
(B) વૈશ્વિકીકરણ
(C) ખાનગીકરણ
(D) ઉદારીકરણ

22) સમાજના લોકો પ્રાથમિક જરૂરિયાતો લઘુત્તમ ભાવે પણ પ્રાપ્ત કરી શકવા સમર્થ ન હોય તેઓ કયા પ્રકારના ગરીબ ગણાય ?

(A) તુલનાત્મક ગરીબ
(B) નિરપેક્ષ ગરીબ
(C) ગરીબી રેખાની ઉપર
(D) સાપેક્ષ ગરીબ

23) એક કારખાનાના માલિકે પોતાની જરૂર કરતાં 10 શ્રમિકો વધુ રોક્યાં છે. આ 10 શ્રમિકોને ખસેડી લેવામાં આવે તો કુલ ઉત્પાદનમાં કોઈ ફેર પડતો નથી. તો આ શ્રમિકો બેરોજગારીના કયા પ્રકારમાં ગણી શકાય ?

(A) ઔદ્યોગિક બેરોજગારી
(B) ઘર્ષણજન્ય બેરોજગારી
(C) પ્રચ્છન્ન બેરોજગારી
(D) માળખાગત બેરોજગારી

24) અર્થતંત્રમાં નાણાનો પૂરવઠો વધારવાનો કે ઘટાડવાનો નિર્ણય કઈ બેંક લે છે ?

(A) I.D.B.I. (B) S.B.I.

(C) C.B.I. (D) R.B.I.

25) P.A.S.A. નું પૂરું નામ નીચેનામાંથી કયું છે ?

(A) પ્રિવેન્શન ઑફ એન્ટિસોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ

(B) પ્રોટેક્શન ઑફ એન્ટિસોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ

(C) પ્રિવેન્શન ઑફ એનાટોમી એક્ટિવિટીઝ એક્ટ

(D) પ્રિવેન્શન ઑફ એન્ટિસોશ્યલ સોશ્યલ એક્ટ

26) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 14 ડિસેમ્બર (B) 15 માર્ચ

(C) 25 માર્ચ (D) 24 ડિસેમ્બર

27) દૂધ અને દૂધની બનાવટો, માંસ, માછલી તેમજ ખાદ્ય પદાર્થોના ઉત્પાદનોને પ્રમાણિત કરવાનું અને આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારનીતિ નિયમોનું ઘડવાનું કાર્ય કોણ કરે છે ?

(A) એગમાર્ક (B) F.P.O.

(C) C.A.C. (D) I.S.O.

28) ભવિષ્યમાં ભાવ વધારો થવાનો છે. એવી આગાહીથી લોકો શું કરે છે ?

(A) કાળાબજાર (B) દાણચોરી

(C) નફાખોરી (D) સંગ્રહખોરી

29) ભારતનો કયો પાડોશી દેશ માનવ વિકાસના સંદર્ભમાં ભારત કરતાં વધુ સારી સ્થિતિ ધરાવે છે ?

(A) પાકિસ્તાન
(B) શ્રીલંકા
(C) નેપાળ
(D) અફઘાનિસ્તાન

30) ભારતમાં નક્સલવાદી આંદોલન કઈ વિચારધારાથી પ્રેરીત છે ?

(A) લેનિન
(B) હિટલર
(C) માઓ-ત્સે-તુંગ
(D) કાર્લ માર્ક્સ્

31) જોડકાં જોડી સાચો વિકલ્પ પસંદ કરો.

| રાજ્ય | બળવાખોરી સંગઠન |
|---|---|
| (1) નાગાલેન્ડ | (a) ટી.યુ.જે.એસ. |
| (2) મણિપુર | (b) ઉલ્ફા |
| (3) ત્રિપુરા | (c) કે.એન.એફ. |
| (4) આસામ | (d) એન.એસ.સી.એન. |

(A) 1 – b, 2 – c, 3 – a, 4 – d
(B) 1 – d, 2 – a, 3 – c, 4 – b
(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b
(D) 1 – d, 2 – c, 3 – a, 4 – b

32) નીચે પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) ચાંપાનેર – મહોબતખાનનો મકબરો
(B) અમદાવાદની – સીદી સૈયદની જાળી
(C) પાટણ – સહસ્ત્રલિંગ તળાવ
(D) સિદ્ધપુર – રુદ્ર મહાલય

33) કઈ પ્રજા પ્રાચીનકાળમાં પશ્ચિમ ચીનમાંથી તિબેટમાં થઈ ભારતમાં આવી ઉત્તર આસામ, સિક્કિમ,ભૂતાન, પૂર્વ બંગાળામાં વસવાટ કર્યો ?

(A) આર્મેનોઈડ
(B) દ્રવિડ
(C) ડિનારિક
(D) મોંગોલોઈડ

34) 'વિશ્વ યોગ દિવસ' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 26 જૂન
(B) 21 જૂન
(C) 23 જૂન
(D) 18 જૂન

35) નીચે આપેલા લક્ષણો પરથી એક કળાને ઓળખી બતાવો.

- સસ્તા ખર્ચે લોક શિક્ષણ સાથે મનોરંજન પીરસે છે.
- સોલંકી યુગમાં તેને પ્રોત્સાહન અપાયું.
- તેના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો સમાવેશ થાય છે.
- તેના મુખ્ય પાત્રો રંગલો-રંગલી હોય છે.

(A) ધમાલનૃત્ય
(B) રાસ
(C) ભવાઈ
(D) ગરબા

36) સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે બીજો કયો શબ્દ વપરાય છે ?

(A) ખંડેર
(B) કોતરણી
(C) મંદિર
(D) વાસ્તુ

37) મસ્જિદના સ્તંભોવાળા ઓરડાને ........ કહે છે.

(A) લિવાન
(B) મકસુરા
(C) મહેરાબ
(D) સહન

38) નીચે આપેલા મંદિરોમાંથી કયું મંદિર તેરમાળનું ગોપુરમ્ ધરાવે છે ?

(A) કોણાર્કનું સૂર્યમંદિર
(B) મીનાક્ષી મંદિર
(C) ખજૂરાહો
(D) બૃહદેશ્વર મંદિર

39) કવિ ચંદબરદાઈનો કયો ગ્રંથ હિન્દી સાહિત્યનો પ્રારંભિક ગ્રંથ છે ?

(A) ચંદ્રાયન
(B) કવિ રાજ માર્ગ
(C) પૃથ્વીરાજ રાસો
(D) વિક્રમાદેવ ચરિત

40) નીચે આપેલા જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| (i) | કૌટિલ્ય | (a) | ફતવા-એ-જહાંદારી |
| (ii) | પાણિની | (b) | આયના-એ-અકબરી |
| (iii) | અબુલ-ફજલ | (c) | ગીત ગોવિંદ |
| (iv) | જયદેવ | (d) | અર્થશાસ્ત્ર |
| | | (e) | અષ્ટાધ્યાયી |

(A) i – d, ii – e, iii – c, iv – b
(B) i – d, ii – e, iii – b, iv – c
(C) i – d, ii – e, iii – c, iv – a
(D) i – d, ii – e, iii – a, iv – e

41) મહાન મુસાફર યુઅન-શ્વાંગે સાતમી સદીમાં ભારતની કઈ પ્રાચીન અને પ્રસિદ્ધ વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી ?

(A) વારાણસી
(B) નાલંદા
(C) વલભી
(D) તક્ષશિલા

42) મોક્ષ પ્રાપ્તિના ત્રણ માર્ગો જ્ઞાન, કર્મ અને ભક્તિમાર્ગનું વિવેચન ........ગ્રંથમાં કરવામાં આવ્યું છે ?

(A) ઉપનિષદ
(B) શ્રીમદ્ ભગવદ્ગીતા
(C) મહાભારત
(D) રામાયણ

43) નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

(A) ચોલ રાજવીઓ - નટરાજનું શિલ્પ
(B) કુષાણ રાજવીઓ - બુદ્ધની પ્રતિમાઓ
(C) સમ્રાટ અશોક - ધનુર્ધારી રામનું શિલ્પ
(D) હડપ્પા - નર્તકીની પ્રતિમા

44) અકબરે આગરાનો કિલ્લો ક્યારે બંધાવ્યો હતો ?

(A) ઈ. સ. 1580 માં
(B) ઈ. સ. 1707 માં
(C) ઈ. સ. 1565 માં
(D) ઈ. સ. 1628 માં

45) ખજૂરાહોનાં કુલ મંદિરોમાંથી આજે કેટલાં મંદિરો છે ?

(A) 75
(B) 25
(C) 52
(D) 18

46) નીચેનામાંથી કયો વાવનો પ્રકાર નથી ?

(A) નંદા (B) તદા

(C) ભદ્રા (D) વિજયા

47) કુતુબમિનારને લાલ પથ્થર અને આરસથી બનાવવામાં આવ્યો છે. તેની ઉપર કઈ આયાતો કંડારવામાં આવી છે ?

(A) ભગવદ્‌ગીતા (B) બાઈબલ

(C) અવેસ્તા (D) કુરાન

48) તાજમહેલના શ્વેત સંગેમરમર(આરસ) ઝાંખા અને પીળા પડી રહ્યા હતા. તેનું શું કારણ હતું ?

(A) ભૂમિ પ્રદૂષણ (B) વાયુ પ્રદૂષણ

(C) જળ પ્રદૂષણ (D) ધ્વનિ પ્રદૂષણ

49) ઘોડેસવારીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને રોજગારી કયા ઉદ્યોગથી મળી રહે છે ?

(A) સુતરાઉ ઉદ્યોગ (B) શણ ઉદ્યોગ

(C) પર્યટન (D) વાહન ઉદ્યોગ

50) નીચેનામાંથી કયા રાષ્ટ્રીય ઉદ્યાનમાં એક શિંગી ગેંડો જોવા મળે છે ?

(A) વેળાવદર (B) દચીગામ

(C) કોર્બેટ (D) કાંઝીરંગા

# 10(G)

(MARCH, 2018)
(New Course)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

### વિભાગ - A

■ નીચેના પ્રશ્નક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.

1) 'ગુજરાતનો સાંસ્કૃતિક વારસો' ટૂંકમાં સમજૂતી આપો. [2]

2) 'લોથલ' ભારતનું અગત્યનું બંદર હતું. સમજાવો. [2]

અથવા

'મોહેં-જો-દડો'ની ગટર યોજના વિશે માહિતી આપો.

3) પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન વિશે તમારા મંતવ્યો લખો. [2]

4) સંસાધન એટલે શું ? માલિકીના આધારે તેનું વર્ગીકરણ વિગતે સમજાવો. [2]

5) કૃષિ સંશોધન ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓના નામ લખો. [2]

અથવા

ભારતના અર્થતંત્રમાં કૃષિનું યોગદાન વર્ણવો.

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

6) જળ વ્યવસ્થાપન માટે કયા મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જોઈએ. [2]

7) આધુનિક યુગને 'ખનીજયુગ' કહે છે. શા માટે ? [2]

8) વિકાસશીલ અર્થતંત્રનાં કોઈપણ ચાર લક્ષણો જણાવો. [2]

9) ભારતનું વન્યજીવ વૈવિધ્યસભર શાથી છે ? [2]

10) બળવાખોરી અને આતંકવાદ વચ્ચેનો તફાવત જણાવો. [2]

અથવા

આતંકવાદની આર્થિક અસરો જણાવો.

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

**11)** ભારતની પ્રાચીન કલા તરીકે હાથ વણાટ વિશે સમજૂતી લખો. **[3]**

**12)** એલિફન્ટા ગુફાઓ વિશેની નોંધ લખો. **[3]**

**13)** પર્યાવરણીય અતિક્રમણને રોકવાના ઉપાયો જણાવો. **[3]**

**14)** બેરોજગારીનો અર્થ જણાવી કોઈપણ બે વિશે સમજૂતી આપો. **[3]**

અથવા

ગરીબી નિવારણની વ્યૂહરચનાઓ વિશેની સમજૂતી આપો.

**15)** મહિલા સમાનતા અંગે ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશેની સમજૂતી લખો. **[3]**

અથવા

માનવ વિકાસ આંકના માપનની નવી પ્રવિધિમાં કયા કયા નિર્દેશકોનો ઉપયોગ કરાય છે ? તે સવિસ્તાર સમજાવો.

## વિભાગ - D

■ **નીચેના પ્રશ્નક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

**16)** પ્રાચીન ભારતે રસાયણવિદ્યામાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો. **[5]**

અથવા

ગ્રાહકે ખરીદી કરતી વખતે શી કાળજી રાખવી જોઈએ ?

**17)** ભારતીય બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ? **[5]**

**18)** ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. **[5]**

1) કાળી જમીનનું એક ક્ષેત્ર

2) રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન

3) શણ ઉત્પાદનનું એક ક્ષેત્ર

4) સુતરાઉ કાપડ ઉદ્યોગનું કોઈ એક કેન્દ્ર

5) રાષ્ટ્રીય જળમાર્ગ – 2

**<u>ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે</u>**

1) કાળી જમીન ધરાવતું કોઈએક રાજ્યનું નામ લખો.

2) રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે ?

3) શણનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે ?

4) સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ આપો.

5) રાષ્ટ્રીય જળમાર્ગ – 2 કયા બે સ્થાનોને જોડે છે ?

♦♦♦♦